# ભિલોડાના ટાકાટુકા ગામે વિદેશી દારૂ ઝડપાયો

## વિદેશી દારૂ સહિત રૂા.૩,૬૪,૧૪૦/-નો મુદ્દામાલ ઝડપાયો

ભિલોડા.તા.૧૨

ભિલોડા તાલુકાના શીલાદ્રી,ટાકાટુકા ગામે વિદેશી દારૂ સહિત રૂા.૩,૬૪,૧૪૦/-નો મુદ્દામાલ ઝડપાયો છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ તા.૭મીના રોજ ૩:૦૦વાગ્યાના સુમારે ભિલોડા તાલુકાના શીલાદ્રી ગામે (૧) મહેશભાઈ સુકાજી કલાસવા (૨) દિનેશભાઈ ચબુભાઈ ડામોર બન્ને રહે.ભાણમેર, તા. ભિલોડાએ પોતાની માલીકીની સુઝુકી મોટર સાયકલ નંબર. જી.જે.૯.સી.ડી. ૬૬૪૪ના ચાલકે કાપડના થેલામાં પાસ પરમીટ વગર વિદેશી દારૂ, બીયર બોટલ મળી કુલ રૂા.૧૧,૪૦૦/- તેમજ બાઈક ની કિંમત રૂા.૨૦,૦૦૦/-, મોબાઈલ રૂા.૫૦૦/- જે કુલ મળી રૂા.૩૧,૯૦૦/-નો મુદ્દામાલ ઝડપાયો છે.

જ્યારે ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામે ટાટા સ્પેશીયો ગાડી નંબર. જી. જે. ૫. સી. બી. ૧૧૫૩ના ચાલક (૧) પરેશભાઈ અનીલભાઈ અસારી રહે ભુતાવડ છાપરા (૨) કિશનસિંહ રામસિંહ ઝાલા રહે. નવદુર્ગા સોસાયટી, રહે. અમદાવાદએ ટાકાટુકા પાસેથી દારૂ બીયરની પેટીઓ ૩૦ બોટલ નંગ ૫૭૪નો દારૂ કિંમત રૂા.૧,૩૨,૨૪૦/- તેમજ ટાટા સ્પેશીયો ગાડીની કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- જે કુલ મળી ૩,૩૨,૨૪૦/-નો મુદ્દામાલ ઝડપાયો છે.

## ભિલોડા તાલુકાના મોહનપુર ગામે બાઈક ચોરાયું

ભિલોડા.તા.૧૨

ભિલોડા તાલુકાના મોહનપુર ગામના એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે તા.૬/૧૦/૧૬ ના રોજ સવારે ૭:૦૦ વાગ્યાથી ૪:૦૦ વાગ્યા દરમ્યાન પાર્ક કરેલી મોટર સાયકલ બજાજ સીટી ૧૦૦ નંબર.જી.જે.૯.એસ.૫૮૦ની અંદાજીત કિંમત રૂા.૧૫,૦૦૦/- કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી પલાયન થઈ જતાં કનુભાઈ ધનજીભાઈ અસારી રહે.વાંકાનેર છાપરાંએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ છે.ફરીયાદના આધારે પોલીસએ તપાસના ચક્રો ગતિમાન કરેલ છે.

# ભિલોડા માર્કેટયાર્ડમાં કિસાન કલ્પવૃક્ષ યોજનાના વિકાસ કાર્યોનું ખાતમુર્હૂત કરાયું

## જુથ અકસ્માત વિમા યોજનાના ૩૧ ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો





ભિલોડા,તા.૧૨

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી પટ્ટાંગણમાં કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત ખેડુત ગોડાઉન, વેરહાઉસીંગ ગોડાઉન, ખેડુતો માટેનો શેડનું ખાતમુર્હુત તેમજ જુથ અકસ્માત વિમા યોજનાના ૩૧ ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. ૩૧ મૃતકોના આકસ્મીક અવસાન થતાં પરીવારજનો અને વારસદારોને રૂા.૧૫,૫૦,૦૦૦/-ની સહાયના ચેક વિતરણ કરાયા હતા. ૩૧ મૃતકોના એક-એક પરીવારજનોને રૂા.૫૦,૦૦૦/-ના ચેક વિતરણ કરાયા હતા ત્યારે આનંદની લાગણી પ્રસરી હતી.

આ પ્રસંગે ચેરમેન મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, સાબરડેરી ચેરમેન જેઠાભાઈ પટેલ, ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ચેરમેન મહેશભાઈ પટેલ, વા. ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, સાબરડેરી ડિરેક્ટર જેસીંગભાઈ પટેલ, અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, વા.ચે. જવાહરભાઈ શાહ, ડિરેક્ટર સા. કાં. જી. સહ. ખરીદ વેચાણ સંઘ, હિંમતનગર ભીખાભાઈ પટેલ, ચેરમેન અરવલ્લી જીલ્લા સહકારી સંઘ પ્રભુદાસભાઈ પટેલ, ડિરેક્ટર જીલ્લા સહકારી સંઘ દિલીપભાઈ કટારા, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, તુલસીભાઈ રાવલ, ગલબાભાઈ પ્રજાપતી, ગજાનંદભાઈ પ્રજાપતી, કુમુદચંદ્ર શાહ, કાંતીલાલ શાહ, વિષ્ણુંપ્રસાદ શાહ, પુખરાજભાઈ ખત્રી, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, પ્રેમજીભાઈ નિનામા, કલ્પેશભાઈ શાહ સહિત ખેડુતો, વેપારીઓ, સરપંચો, દુધ મંડળીઓ, સેવા મંડળીઓના ચેરમેનો, વા.ચેરમેનો, સેક્રેટરીઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયાએ જાણાવ્યું હતું કે, માર્કેટયાર્ડ એટલે ખેડુતોની સંસ્થા છે. આપણા માર્કેટયાર્ડ ભિલોડાએ આ જગતના તાતના જીવનના જોખમનો વિચાર કરીને આપણા માર્કેટયાર્ડની વ્ય. કમિટીની ટીમ, સેક્રેટરી, સ્ટાફ પરીવારે વિચાર્યુ કે આપણા તાલુકાના વિધાનસભા ક્ષેત્રમાં આવતા ૧૮ થી ૭૦ વર્ષના તમામ મતદારો, જ્ઞાતિ, જાતિ,ધર્મના ભેદભાવ વિના તમામનો રૂા.૫૦,૦૦૦/-ની વીમા રાશીનો વીમો લઈએ અને સુરક્ષા કવચથી સુરક્ષિત કરી એમના દુઃખદ્ પરીવારજનોને મદદરૂપ થઈ શકીએ તેમ વિચારી સુરક્ષા કવચથી આવરી લીધેલ છે અને આ વીમા સુરક્ષા કવચ હંમેશા ચાલું જ રહેશે તેમ જણાવ્યું હતું. ભિલોડા તાલુકા વિધાનસભા મતવિસ્તારમાં આવતા મતદાર વ્યક્તિઓના આકસ્મીક અવસાન થતાં તેમના વારસદારોને આકસ્મીક વિમા યોજના હેઠળ ૩૧ પરીવારોને રૂા.૫૦,૦૦૦/-ની રકમનો ચેક આપવામાં આવેલ હતો.

# અરવલ્લી જિલ્લામાં ધામધૂમથી વિજયાદશમીની ઉજવણી

મોડાસા, તા. ૧૨

આસુરી તત્વો ઉપર શક્તિના વિજય પર્વે વિજયાદશમીની અરવલ્લી જિલ્લામાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જાહેરમાર્ગો પરથી પસાર થતી ભવ્ય શોભાયાત્રા તેમજ ૪૫ ફૂટ ઉંચા રાવણનું દહન નિહાળવા મોડાસા શહેરના પ્રજાજનો અને આજુબાજુમાંથી ગામડાના લોકોનું કીડીયારૂ ઉભરાયુ હતુ. વિશ્વ હિન્દુ પરિષદ અરવલ્લી મોડાસા શાખા દ્વારા દશેરાની સાંજે પરંપરાગત રીતે પાઘડીમાં સજ્જ થઈ શસ્ત્રોનું વિધિવત પૂજન વિધી યોજાઈ હતી.

મોડાસા શહેરમાં વિજયાદશમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા શહેરમાં અરવલ્લીમાં દશેરા ઉત્સવ સમિતિ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી રાવણ દહનનું શોભાયાત્રા સહિત વિસિષ્ટ આયોજન બે વર્ષના વિરામ બાદ ચાલુ શાલે ભવ્ય આતશબાજી સાથે રાવણદહન કરવામાં આવ્યુ હતુ. મોડાસાના સાંજના ૪ વાગ્યાના સુમારે નીકળેલી ભવ્ય શોભાયાત્રામાં રામ-લક્ષ્મણ, મેઘનાથ, હનુમાન, સુગ્રીવ, બાલી તેમજ હનુમાન સેના સહિત રામાયણના પાત્રો તાદશ્ય કરાવતી વેશભૂષા સાથે વલ્લભસેવાસદન હોલથી પ્રસ્થાન કરી, મોડાસા ચાર રસ્તા, કલ્યાણ ચોક થઈ શાસ્ત્રીય ગ્રાઉન્ડ પર પહોંચી હતી. પ્રદર્શન ગાર્ડન ખાતે રાવણના ૪૫ ફૂટ ઊંચા પૂતળાનું શાસ્ત્રોક્ત વિધી સાથે દહન કરવામાં આવ્યુ હતુ. જિલ્લામાં ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્રપૂજા વિધી યોજાઈ હતી. વિશ્વ હિન્દુ પરિષદ મોડાસા શાખા દ્વારા માલપુર રોડ પર આવેલા ઓધારી તળાવ નજીક બગીચામાં સમૂહમાં શસ્ત્રપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવતા શહેરના નગરજનો મોટી સંખ્યામાં પોતાના શસ્ત્રો સાથે શસ્ત્રપૂજન વિધીમાં જોડાયા હતા.





# મોડાસામાં મહોરમની ભાવપૂર્વક ઉજવણી

મોડાસા, તા. ૧૨

મોડાસા શહેરમાં બુધવારે તાજીયાનુ મોડાસા નગરમાં કસ્બા સમાજના લોકો દ્વારા જુલુસ નીકાળી શહેરના માર્ગો પર ફેરવવામાં આવ્યું હતું. તાજીયા જુલુસમાં માનવ મહેરામણ ઉમટી પડ્યુ હતુ. મોડાસા રથયાત્રા સમિતિ દ્વારા ધોરીઓના ચોકમાં તાજીયા કમીટીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવતા કોમી એખલાસ દશ્યો સર્જાયા હતા.

મોહરમના દસ દિવસ એટલે કે આશારૂના દિવસ હજરત મહંમદ પયંગબર સાહેબના નવાસા હજરત હુસેન સાહેબ સચ્ચાઈ અને ન્યાય સામેની લડાઈમાં શહીદ થયા હતા. જેને મુસ્લીમ સમાજ દ્વારા દસ દિવસ સુધી માતમ મનાવવા સાથે રોજ મરાશિયા ગાવામાં આવે છે. દસમા દિવસે રોઝા રાખી ઈબાદત કરવામાં આવે છે. મહોરમના દસમા દિવસે મોડાસા નગરમાં પરંપરાગત રીતે તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યુ હતુ. કસ્બા જમાત દ્વારા કાઢવામાં આવતા તાજીયા જુલુસમાં 'યા હુસેન'ના ગગનભેદી નારા સાથે મોટી સંખ્યામાં મોડાસા ઉપરાંત મેઘરજ, માલપુર, ટીંટોઈ, ધનસુરા સહિતના મુસ્લીમ બિરાદરો જોડાયા હતા. મોડાસા નગરમાં પરંપરાગત રીતે યોજાતા તાજીયા જુલુસનું રથયાત્રા સમિતિના પ્રમુખ નિલેષભાઈ જોષી, રમેશભાઈ કડીયા, અતુલ ભાવસાર, વાડીલાલ, દિલીપભાઈ તેમજ મોડાસા નાગરીક સહકારી બેંક લી.ના ચેરમેન વિનોદભાઈ શાહ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, નગરપાલિકા પ્રમુખ વનિતાબેન પટેલ, પોલીસ વડા સહિતના અધિકારીઓ પદ અધિકારીઓ દ્વારા ધોરીઓના ચોકમાં કસ્બા જમાતના પ્રમુખ અને સેક્રેટરી સહિત તાજીયા કમિટીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તાજીયા કમીટી દ્વારા રથયાત્રા સમિતિ સહિતના અગ્રણીઓના આભાર વ્યક્ત કર્યો હતો.



મોડાસા શહેરમાં પરંપરાગત રીતે નીકળતા તાજીયા જુલુસમાં આજે નવો રૂપરંગ આપી ૨૭ લાખ રૂપિયાના ખર્ચે ચાંદીથી મઢવામાં આવ્યા હતા. તાજીયા જુલુસમાં સંખ્યાબંધ અખાડાબાજાઓ અચરજભર્યા કરતબો કર્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં લાખ્ખો રૂપિયાના જલેબી, ફાફડા અને ચોળાફળીની જયાફત માણી

અરવલ્લી જિલ્લા તેમજ મોડાસા શહેર સહિત તમામ વિસ્તારોમાં વસતા પ્રજાજનોએ દશેરાના દિવસે જલેબી, ચોળાફળી, ફાફડા, પેંડા, ચવાણુ સહિત અન્ય ફરસાણની જયાફત માણી હતી. દશેરાના દિવસે જિલ્લાવાસીઓ લાખ્ખો રૂપિયાના ફાફડા, જલેબી ઝાપટી ગયા હતા. શહેર તેમજ ગ્રામ્યવિસ્તારના કંદોઈની દુકાનોમાં વહેલી સવારથી જ ફાફડા, જલેબી ખરીદવા પ્રજાજનો ઉમટી પડ્યા હતા. મોંઘવારીને ભૂલીને જિલ્લાવાસીઓએ ફાફડાત જલેબીની લિજ્જત માણવા કંદોઈ લોકોને ત્યાં તડાકો બોલાઈ ગયો હતો. ચાલુ શાલે શુદ્ધ ઘીની જલેબી ૩૫૦ અને ફાફડાનો ભાવ ૨૮૦ કિલોની આસપાસ બજારમાં ઉપલબ્ધ હતી.



પાલનપુરમાં વિજયાદશમીએ સર્વત્ર ફાફડા-જલેબીની જયાફત શહેરીજનોએ માણી હતી. મોંઘવારીને લીધે આ વર્ષે ૨૦ ટકા જેટલો ભાવવધારો થવા પામ્યો હતો. તેમ છતાં લાખો રૂપીયાના ફાફડા જલેબી નગરજનોએ ઝાપટ્યા હતા.

## ઊંઝાના પાટણ રોડની સોસાયટીના તાળા તુટ્યાં

ઊંઝા, તા. ૧૨

ઊંઝા વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી મિલકત વિરૂદ્ધના ગુનાઓનુંપ્રમાણ વધતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ એક સોસાયટીના બંધ મકાનના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશી કોઈ તસ્કરો તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, ચાંદીના સીક્કા, ટી.વી. તેમજ રોકડ રકમ મળી કુલ રૂપિયા ૭૯,૪૦૦ની મત્તાની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બન્યો છે.

વિગત એવી છેકે ઊંઝા ખાતે પાટણ રોડ પર આવેલ ૬૨૪ વસાહત સામે શુભશીવમ સોસાયટી આવેલ છે. આ સોસાયટીના મકાનમાં રહેતા દશરથભાઈ નારાયણદાસ પંચાલ પોતાનું મકાન બંધ કરીને પરિવાર સાથે નજીકના ઐઠોર ગામે માતાજીની પલ્લી ભરવા માટે ગયા હતા. ત્યારે કોઈ તસ્કરોએ આ બંધ મકાનના દરવાજાનો નકૂચો તોડી નાંખ્યો હતો. બાદ અંદર પ્રવેશી તિજોરીમાંથી સોનાનું મંગલસૂત્ર, બંગડી, ચેઈન, બુટ્ટી, વીંટી ચાંદીના છ સિક્કા, ૩૨ ઈંચનું એલઈડી ટીવી તેમજ રૂપિયા ૨૦ હજારની રોકડ રકમ મળી કુલ રૂપિયા ૭૯,૪૦૦ની મત્તાની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

### આતંકવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. પંપોરમાં શ્રીનગર-જમ્મુ હાઈવે પર સ્થિત ઈડીઆઈ હોસ્ટેલમાં ત્રાસવાદીઓ ઘુસી ગયા હતા. તેમનો ઈરાદો હાઈવે પર સ્થિત કોઈ આર્મી કેમ્પ પર મોટો હુમલો કરવાનો હતો. સોમવારે સવારે ગોળીબાર શરૂ કરવામાં આવ્યો હતો. સોમવારથી ત્રાસવાદીઓનો ખાતમો કરવા સાવધાનીપૂર્વક ઓપરેશન જારી રહ્યું હતું. ઈમારતમાં છુપાયેલા ત્રાસવાદીઓ ભાગી ન જાય તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. જમ્મુ કાશ્મીર ઈડીઆઈની ઓફિસ ઝેલમ નદીના કિનારે સ્થિત છે જે શ્રીનગર શહેરથી ૧૨ કિલોમીટરના અંતરે છે. ઈડીઆઈ હોસ્ટેલમાં હુમલો કરવાના અહેવાલથી ફરી એકવાર તંગદિલી વધી ગઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સવારમાં ત્રાસવાદીઓ એક સરકારી ઈમારતમાં ઘુસી ગયા હતા. તેમની સંખ્યા બેથી ત્રણ હોવાનુ જાણવા મળ્યુ હતું. ગોળીબારના કારણે ઈમારતમાં આગ પણ લાગી ગઈ હતી.સોમવારે સવારમાં સાત વાગ્યા સેનાએ ત્રાસવાદીઓ સામે ઓપરેશન હાથ ધર્યુ હતુ. બન્ને તરફથી ગોળીબાર કરાયો હતો. ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લેવામાં આવ્યા હતા. જોકે ઈડીઆઈ સંકુળની પાછળ સેનાએ ત્રાસવાદીઓને ઘેરી લીધા હતા. છેલ્લા ૨૦ દિવસની અંદર કાશ્મીરમાં આ ચોથો મોટો હુમલો કરવામાં આવ્યો હતો. ફેબ્રુઆરીમાં સીઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ ત્રાસવાદી ઈડીઆઈ ઈમારતમાં ઘુસી ગયા હતા. અગાઉના હુમલામાં સીઆરપીએફના બે જવાન શહીદ થઈ ગયા હતા. જ્યારે હુમલામાં એક નાગરિકનુ મોત થયુ હતુ. ત્રણ દિવસ સુધી ઓપરેશન ચાલ્યુ હતુ. અંતે ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લઈને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા.

સૂત્રોનું કહેવું છે કે આગ પોતાની રીતે જ કાબુમાં આવી ગઈ હતી. ત્રાસવાદીઓએ ઈમારતમાં છુપાઈને સતત ગોળીબાર કર્યો હતો. સતત સ્થળ પણ બદલી રહ્યા હતા. સેનાએ પણ ઓપરેશનમાં ત્રાસવાદીઓની સામે ભારે હથિયારોનો ઉપયોગ કર્યો હતો. આવું બીજી વખત બન્યું છે જ્યારે ત્રાસવાદીઓ ઈડીઆઈ કોમ્પ્લેક્સમાં ઘુસી ગયા હતા. આ અગાઉ ફેબ્રુઆરી મહિનામાં ત્રાસવાદીઓએ પંપોરમાં હાઈવે પર સીઆરપીએફના કાફલા પર હુમલો કર્યો હતો અને ત્યારબાદ ઈમારતમાં ઘુસી ગયા હતા.

### કમાન્ડો તૈનાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત સ્વતંત્ર થયા બાદથી તમામ વડાપ્રધાનોએ ઐતિહાસિક સ્મારકના રેમપર્ટથી રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો છે. લાલ કિલ્લાને રેડફોર્ટ તરીકે પણ ગણવામાં આવે છે. આશરે ૨૦૦ વર્ષ સુધી મોગલ શાસકોના આ નિવાસસ્થાન તરીકે પણ રહ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બલુચિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં જુદા જુદા માનવ અધિકાર ભંગના મુદ્દાને ઉઠાવી લીધા બાદથી પાકિસ્તાનની ઉંઘ હરામ થઈ ગઈ છે. તેના દ્વારા ભારતમાં ત્રાસવાદીઓ મોકલવાના સતત પ્રયાસ થઈ રહ્યા છે. ઉરીમાં ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ તંગદિલી વિસ્ફોટક સ્તરે પહોંચી હતી. દેશના જોરદાર આક્રોશ વચ્ચે ૨૯મી સપ્ટેમ્બરના દિવસે ભારતે પોકમાં સર્જિકલ હુમલા કર્યા હતા. જેમાં સાતથી વધુ ત્રાસવાદી કેમ્પનો સફાયો કરાયો હતો અને મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે દિલ્હીમાં લાલ કિલ્લા ઉપરાંત અન્ય મહત્વના સ્થળો ઉપર પણ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી રહી છે.

હાલમાં એવા અહેવાલ પણ આવી ચુક્યા છે કે દિલ્હીમાં બે ત્રાસવાદીઓ હથિયાર સાથે ઘુસ્યા છે અને તેમની પાસે હુમલાની ઘાતક યોજનાના નકશા રહેલા છે. ત્યારબાદથી દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે.

### જવાબ રજૂ કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અગાઉ પણ કોંગ્રેસે પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા સામે આવી ફરિયાદ કરી હતી જેમાં તેમણે પક્ષાંતર કર્યુ છે તે પુરવાર કરવામાં કોંગ્રેસ નિષ્ફળ રહી હતી જે ઉલ્લેખનીય છે.

આ વખતે પ્રદેશ કોંગ્રેસના નેતાઓની સીધી રાહબરી નીચે આ આખોય કાનૂની જંગ ખેલાઈ રહ્યો છે. મેયરનો જવાબ રજુ થયા પછી કોંગ્રેસ શું રજુઆતો કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

### બેઠક યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. તેમજ સમયાંતરે વિભાગોની કામગીરી અંગેનો રીપોર્ટ મેળવવામાં આવતો હોય છે.

આવતીકાલે મળનારી આ મહત્વની બેઠકમાં પ્રજાલક્ષી યોજનાઓના કામો ઝડપથી પૂર્ણ કરવા અને તેના લોકાર્પણ અંગેના કાર્યક્રમો અંગે ચર્ચા કરીને કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### પોલ્સને કલર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એલ ઈ ડી લાઈટ નાંખવામાં આવશે. દિવાળી બાદ એલ ઈ ડી લાઈટનુ કામ શરૂ કરી દેવાશે. જયારે છેલ્લા કેટલાક સમયથી સ્ટ્રીટ લાઈટના થાંભલા તદન કંગાળ હાલતમાં ભાસી રહયા છે. સેકટરોમાં લાઈટો ડુલ હોવાની સાથે કટાયેલા થાંભલા પણ કંગાળ હાલતમાં ભાસી રહયા છે. અગાઉ તંત્ર દ્વારા એક હજારે જેટલા થાંભલાને કલરકામ કરવામાં આવ્યુ હતુ. જયારે આગામી વાઈબ્રન્ટ સમિટ પુર્વે અન્ય પોલ્સને પણ કલરકામ કરવામાં આવશે.

### ભવ્ય ગરબા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ગરબાની મજા માંણશે.ગરબા નાઈટના પ્રારંભે સતત ત્રણ મિનિટ સુધી આંતશબાજી કરવામાં આવશે. જયારે ગરબામાં ખૈલેયાઓ મનમુકીને ઘુમી શકે તે માટે મુખ્ય ગરબા મેદાનમાં ત્રણ વિભાગ રાખવામાં આવ્યા છે. જેમાં પ્રોફેશનલ ખૈલેયાઓ ઉપરાંત સામાન્ય નાગરિકો તેમજ બાળકો માટે મેદાનની અલગ રેખા અંકિત કરવામાં આવી છે. ગરબા રમવા માટે ૧ થી ૩ વર્ષના બાળકો માટે અલગ મેદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. અસ્લમ એન્ડ અસ્લમ બેન્ડની સંગત સાથે ખૈલેયાઓ ગરબે ઘુમી શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગરમાં પ્રથમવાર ગરબાના આયોજનને અનુલક્ષી એલ ઈ ડી સ્ટેજ તૈયાર કરવામાં આવ્યુ છે. જયારે ખૈલેયાઓ માટે રૂ ૧ લાખના ઈનામો પણ એનાયત કરવામાં આવશે.

### પાટીદારોને મનાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગલાંઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

આ કૃષિ પ્રભારી અધિકારી ગામના ખેડૂતોના સંપર્કમાં રહેશે તે સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપશે એટલુ જ નહિ તે લાભ મળે ખેડૂતોને તે માટે કડીરૂપ ભૂમિકા પણ ભજવશે. વર્ગ-૩ સુધીના કર્મચારીઓને કૃષિ પ્રભારી તરીકે નિયુક્ત કરવાના રહેશે. જેમાં કૃષિ, બાગાયત, સિંચાઈના કર્મચારીઓનો સમાવેશ કરવાનો રહેશે.

મળતી વિગતો પ્રમાણે ઓક્ટો.ના અંત પહેલાં આ નિમણુંકો કરી અને તેમની પ્રથમ મુલાકતનો રિપોર્ટ રાજ્ય સરકારને કરવાનો રહેશે. આ માટે તમામ જિલ્લા ખેતીવાડી તંત્રને આદેશોની નકલો પણ મોકલી આપવામાં આવી છે.

જિલ્લાઓમાં ખેડૂતોને પંપસેટ તેમજ પાણીની પાઈપલાઈનના પ્રશ્નો જે બે વર્ષથી પડતર છે તેના માટે કોઈ નિર્ણય લેવાયો નથી. આ મુદ્દો જ આગામી દિવસોમાં ઉભરી આવશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત પાક વીમા સહિતની વિવિધ યોજનાઓ અંગે પણ પ્રશ્નો આવે તેવી શક્યતાઓ છે. ખાસ કરીને કિસાન આઈ પોર્ટલ સેવા જ શરૂ કરાઈ છે તેમાં સર્વર ધીમુ હોવાથી ખેડૂતો ઘણા લાભથી વંચિત રહેતા હોવાની ફરિયાદો પણ ઉઠે તેવી સંભાવનાઓ હોવાનું વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.